॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

# સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● વૈશાખ વદ - ૮ ● તા. ૨-૬-૨૦૨૧ ● બુધવાર SDP NO : 407 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com


## મુઠી ઉંચેરા માનવી પ્રખર સનાતની જેની આજે ૦૨ ૦૬ ૨૦૨૧ ૫૧ મી પુણ્યતિથિ સ્વં.નારાયણ રૈયા લીંબાણી, દયાપર

### -: પુષ્પાંજલિ :-

જ્ઞાતિ આદ્યસમાજ સુધારક નારાયણ રૈયા લીંબાણી (કચ્છમાં દયાપર)ની આજે ૫૧ મી પૂણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અને પૂ.બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.

જન્મઃ સંવત ૧૯૪૬, ઈ.સ.૧૮૯૦ (દયાપર)

અવસાનઃ સંવત૨૦૨૬ વૈશાખ વદ આઠમ,

તા.: ૨૮-૫-૧૯૭૦ (કોલ્હાપુર)

(આજે વૈશાખ વદ આઠમ સવંત ૨૦૭૭

તા.: ૨-૬-૨૦૨૧)

નારાયણ રૈયા લીંબાણી (દયાપર) પ્રખર સનાતની.

દયાપર ખાતે ૧૬૧ જ્ઞાતિજનોને હોમહવન કરીને નારાયણજી રામજી લીંબાણી (મોટી વિરાણીવાળા) તેમજ અન્ય વડીલોની હાજરીમાં જનોઈ ધારણ કરાવી 'સનાતન ધર્મ'માં પાછા વાળ્યા અને અહીંથી જ નારાયણજી રામજી લીંબાણી (મોટી વિરાણીવાળા)ને પીઠબળ મળ્યું. જેના કારણે જ સમગ્ર જ્ઞાતિ માં એક આદર્શ ઘટના નું રણસિંગુ ફૂંકાયું ને તદપશ્ચાત સનાતની જાગૃતિનાં મંડાણ થયાં.

આ વડીલ ના કાર્ય ની નોંધ સ્વરૂપે તેમની મૂર્તિ સ્થાપના અને મૂળ ગામ દયાપર માં અનાવરણ સંવત ૨૦૧૫ના કેન્દ્રીય સમાજના જે તે સમયના પ્રમુખશ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલાના કરકમળો દ્વારા કરવામાં આવેલ. જેથી કહી શકાય ૪૫ વર્ષ બાદ તેના કાર્ય ની સરાહના સાથે નોંધ લેવામાં આવી..

સ્વર્ણિયમ મહોત્સવ અને ૨૦૧૧ ના અધિવેશન માં સનાતન સમાજ ના મૂળભૂત સિદ્ધાંત ને ઉજાગર કરવા જાહેર કરવામાં આવેલ શ્વેતપત્ર અને જ્ઞાતિ માં જન જાગૃતિ બાદ સત્ય ને સતત નજર સમક્ષ રાખવામાં આવે અને વડીલ નારાયણ રૈયા ના તેના સમય ના અભિગમ ને સતત સજીવન રાખવા ૨૦૧૫ માં મૂર્તિમત કરવામાં આવેલ..

સંકલન અને માહિતી..

રમેશભાઈ પારસિયા, મહામંત્રી - ઉમા એજ્યુકેસન અને ચેરીટેબલ ટ્રસ્ટ.

સ્વં. નારાયણ રૈયા લીંબાણી નો પરિવાર આજે કડોદરમાં ભવનભાઈ પ્રેમજીભાઈ લીંબાણી, પટેલ સ્પન પાઈપ કમ્પની અને તેના પરિવાર જનો છે.. મુંબઈ મલાડ અને કોલ્હાપુર માં પણ તેઓ ના વ્યાપરિક સોપાન અને પરિવાર જનો રહે છે...

### સનાતન ધર્મના અભિગમ કાજે આદર્શ સ્ત્રી શક્તિનો પરિચય.

**નારાયણ રામજી લીંબાણી એ દયાપરની અસરકારક સહયોગ અને સફળતા ની વાસ્તવિકતા ને ચરિતાર્થ કરવા એક પત્ર લખેલ.છે જે તેમના જ મૂળ શબ્દ અને ભાવ અહીં પ્રગટ કરેલ છે.**

**આદર્શ સ્ત્રી શક્તિ :**

એ બહેનોની હિંમત અને હૃદયશક્તિના પ્રભાવ આગળ વીરતા અને સહનશીલતા માટેના વીરનરોનાં ગુમાન પણ ગળી જાય તેમ હતું. મ્હારા હૃદયને એ વચનોની બહુજ ઊંડી અસર થઈ. કેટલીક બહેનોએ દ્રઢ હિંમતથી એ વખતે કહ્યું; કે "ભાઈ ! તમારે ઠંડી સલાહ આપવાની કોઈ જરૂર નથી. અમે તો સતપંથ પાળનારા અમારાં માવિત્રો, કુટુંબીઓ, સગાસંબંધીઓ, સહુને છેલ્લી વારના મળી-ભેટી આવ્યાં છીએ. હવે તો એમના મનથી અમે મરી ગયાં છીએ. પાપીપંથ પાળનારાં સાથે હવે અમને કશો સંબધ ન જ છાજે. માટે અમને હવે તો એક જ આરે ઉતારો. આ ચાર દિવસો પણ અમે તો એટલા માટે જ રાખ્યા છે કે, જેઠ સુદી પાંચમને દિવસે તમે પ્રાયશ્ચિત કરાવીને પાવન થયા હતા. અમને પણ એ જ પવિત્ર દહાડે છાંટો નાખીને પાવન કરો. એવો સારો માંગલિક દિવસ ન જવા દેવો એટલા માટે જ આ ચાર દિવસની પણ અમે તો ઢીલ કરીએ છીએ. નહીં તો એક ઘડીએ ઢીલ કરવાનું અમને હવે ગમતું નથી. ભાઈ ! તમે હવે અમને મજબૂત બનાવી, સીધે રસ્તે ચઢાવીને હિંમતથી સહન કરવાનું જ શિખાવો, અને ક્ષત્રિયને શોભે એવું પાણી ચઢાવી, તમારી લીધેલી ટેક પૂર્ણ કરો, તમારે અમારી તો જરાયે ચિંતા ન કરવી અમે તો પીરાણા સતપંથનો છેડો ફાડી જ બેઠાં છીએ."

આવા ઉદાર, પ્રેમાળ, પવિત્ર છતાં એ દ્રઢતાભર્યા ઉદગારો તે પણ ભોળી અશિક્ષિત ક્ષત્રિય બહેનોને મુખે સાંભળીને મ્હારૂં હૃદય દ્રવી જાય, તેમાં નવાઈ શું !

કચ્છના કણબી સિવાય બીજાં કોઈ હૃદયને એ સોનેરી શબ્દોથી ખરી કિંમત સમજાય તેમ નથી, કારણકે મ્હારા જેવા એક રંકભાઈની પ્રેરણાથી પવિત્ર વેદધર્મને માટે એ મ્હોટા મનની બહેનોએ એ દિવસે પોતાના મા-બાપનો, પોતાના સગાં ભાઈ-ભાડું, બહેન-બનેવીઓનો, અરે પોતાના પેટની સગી પુત્રીઓ કે માતાઓનો સદાને માટે ત્યાગ અને અસહકાર કરવા તત્પર થઈ હતી. એ એજ ક્ષત્રિય કુળની દેવીઓ હતી, જેમણે એક વખત આગલા જમાનામાં સ્વધર્મરક્ષા માટે આકરાં જાહેરવ્રત સ્વીકારીને ભડભડ બળતી ચિતાઓમાં પોતાના કનકની કાન્તિવાળા સુકોમળ દેહ હોંશેથી હોમી દીધા હતા. તેઓ એ જ કુળની દેવીઓ હતી, જેમણે આગલા જમાનામાં અનેક વખત ધર્મને માટે હળાહળ ઝેરનાં પણ પ્રેમથી પાન કર્યાં હતાં !

ખરેખર ધર્મની મ્હોટાઈ આગળ શુદ્ધ આર્યાની નજરમાં આ સ્વપ્નાં જેવા નાશવંત જગત કે તુચ્છ જીવનની કંઈપણ કિંમત જ નથી.

જ્યાંસુધી આવી પ્રબળ હૃદયની પવિત્ર અબળાઓ આ હડહડતા જડવાદી કલિયુગમાં પણ અમારી જ્ઞાતિના ખોળે પાકે છે, ત્યાંસુધી મ્હને સંપૂર્ણ શ્રદ્ધા છે કે એક તો શું પણ એવાં હજારો પીરાણા સતપંથ જેવા પણ આપણા પવિત્ર હિંદુધર્મને કોઈ કાળે ડુબાવી શકશે નહિ જ. માત્ર એટલું જ નહીં પણ આવા અમૂલ્ય રત્નો ઉત્પન્ન કરનારી ધર્મવીર ક્ષત્રિય જાતિને પોતાની જાળમાં તેઓ સદાને માટે ફસાવી રાખશે નહિ જ.

લી. - નારાણ રામજી લીંબાણી

### મોટા અંગીયા ગામે "મારૂં ગામ કોરોના મુક્ત ગામ" અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી.

**સંયોજક : રમેશભાઈ વાસાણી - નાસિક.**

ટ્રક ડ્રાઈવર અને રીક્ષા ચાલકોની તપાસ માટે ખાસ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સ્થળ ઉપર રેપીડ ટેસ્ટ અને આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યું અને પચાસ (૫૦) જેટલા રેપિડ ટેસ્ટમાં તમામ નેગેટિવ આવ્યા. રોજગારી માટે ચાલતા નરેગાના કામોના મજૂરોને માસ્ક વિતરણ કરવામાં આવ્યાં.

૪૫ વર્ષથી ઉપરની ઉંમરના બાકી રહેલ ૧૭ વ્યક્તિઓને ગામ સ્તરે રસીકરણ કરવામાં આવ્યું.

'મારૂં ગામ કોરોના મુક્ત ગામ'ની સમીક્ષા કરવા બ્લૉક હેલ્થ ઑફીસર ડૉ.પ્રસાદે ખાસ મુલાકાત લીધી હતી

આ કામગીરી માટે બ્લૉક હેલ્થ ઑફિસર ડૉ. પ્રસાદ સાહેબ, મેડિકલ ઑફિસર મયુરીબેન, ડૉ. અજય, પૂજાબેન, એએનએમ (ANM) મયુરીબેન, સહદેવભાઈ આશાવર્કર ભારતીબા, દીપકભાઈએ સહયોગ આપ્યો હતો.

પીપીઈ કીટ, રેપિડ કીટ, માસ્ક, માટે કચ્છ નવનિર્માણ અભિયાનના મનીષભાઈ અને દિપકભાઈનો સહયોગ મળ્યો હતો.

### જન્મદિવસ અનોખી રીતે ઊજવી સૌને માટે પ્રેરણાત્મક કાર્ય

યુવાસંઘ Mission Green India CPDO, Agri. & Env. ના Ocean Council PDO & Conviner MMR એવા સરળ અને શાંત સ્વભાવના સૌના લાડીલા **અંબાલાલ ગંગદાસભાઈ પોકાર (નાસિક)**એ પોતાનો જન્મદિવસ અનોખી રીતે ઊજવી સૌને માટે પ્રેરણાત્મક કાર્ય કરેલ છે.

પ્રિય મિત્ર એવા સ્વ. કિશોરભાઈ હળપાણી સાથે આપણા યુવારત્ન એવા ૭૨ ભાઈઓ આપણો સાથ છોડી ચાલ્યા ગયા તેને શ્રદ્ધાંજલિ રૂપે આજે ૭૫ વૃક્ષ વાવ્યાં અને તેને જતન કરવાની જવાબદારી હિલરેન્જ સોસાયટી ના ચેરમેન મારથા મેમ અને તેમની સંપૂર્ણ ટીમવર્કના કાર્યકર્તાઓએ ઉપાડી લીધી છે.

આજે પોતાના જન્મદિવસની ખુશાલીમાં YSK થી નવા 8 સભ્યોને સુરક્ષિત કરી અપને લિયે નહિ અપનોં કે લિયે ને સાર્થક બનાવ્યું.

તેમણે આજે 35 મી વખત Blood Donate કરી આ કોરોના મહામારીમાં સૌના માટે પ્રેરણાદાયી બન્યા છે.

36 અનાથ બાળકોને ભોજન તેમજ સ્ટેશનરી નું વિતરણ કરી માનવતા નું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કતલખાનામાંથી લઈ આવેલ ગૌમાતા ઓને ઘાસ વિતરણ કર્યું.

શ્રી સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘ આપને જન્મદિવસની ખૂબખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સમાજ પ્રત્યેની નિષ્ઠા સચોટતાથી નિભાવવા માટે માઁ ઉમિયા આપને ચૈતન્ય, સ્ફૂર્તિ અને ઉત્સાહ પ્રદાન કરે એવી અભ્યર્થના અને આપનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યમય રહે એવી ભગવાન લક્ષ્મીનારાયણ અને માઁ ઉમિયાને પ્રાર્થના...

પર્વકતા PDO યુવાસંઘ - નિલેશ સુરાણી-તલોદ.

### ગુજરાત બોર્ડની પરીક્ષાનું શુ થશે? : PM ની અપીલથી ઝમ્જીઈ ની પરીક્ષા રદ, ગુજરાત સરકાર હવે અસમંજસમાં, GSEB ની પરીક્ષા લેવી કે કેમ ?

★ પરીક્ષા લેવી કે નહીં તેની રાજ્ય સરકાર આજે સત્તાવાર જાહેરાત કરશે :

★ શિક્ષણમંત્રી મોદીના નિર્ણય પછી રાજ્યની બોર્ડ પરીક્ષા અંગે આજે જાહેરાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીબીએસઈ સ્કૂલોમાં અભ્યાસ કરતા ધો .૧૨ સાયન્સ - સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા નહીં લેવાની જાહેરાત કરી છે ત્યારે ગુજરાત સરકારે પણ તાત્કાલિક બેઠક બોલાવીને આ બાબતે શું કરવું તે અંગે વિચારણા કરી હતી. આ વિચારણાના અંતે રાજ્ય સરકારે પરીક્ષા લેવી કે નહીં તે બાબતે બુધવારે મળનારી કેબિનેટની બેઠકમાં સત્તાવાર નિર્ણય જાહેર કરશે તેમ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. ગુજરાતમાં પણ ધો.૧૨ સાયન્સ - સામાન્ય પ્રવાહના ૬.૯૨ લાખ વિદ્યાર્થીની પરીક્ષા લેવાશે નહીં. સરકાર તો ધો .૧૦ ના ૩.૮૦ લાખ રિપીટર્સ વિદ્યાર્થીને પાસ કરવા માગે છે , પણ પાસ કરવા કઈ રીતે ? તે પ્રશ્ન સરકારને મૂંઝવે છે .

◆ ધો .૧૨ સાયન્સના ૧.૪૦ લાખ અને સામાન્ય પ્રવાહના ૫.૫૨ લાખ મળીને ૬.૯૨ લાખ વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળાઓમાં અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓની તા.૧ જુનથી પરીક્ષા લેવાનો નિર્ણય કરી પરીક્ષા કાર્યક્રમ પણ મંગળવારે જાહેર કર્યો હતો. રાજ્યના દરેક જિલ્લામાં અને પરીક્ષા કેન્દ્રો છે તેવી સ્કૂલોમાં પરીક્ષાની તૈયારી હાથ ધરાઈ હતી, પરીક્ષા કેન્દ્રો પણ નક્કી કરવાનું ચાલુ કરાયું હતું. આવા સંજોગોમાં જ કેન્દ્ર સરકારે CBSE ના ધો .૧૨ ની પરીક્ષા નહીં લેવાનો નિર્ણય કરતા રાજ્ય સરકાર પણ ગુજરાતમાં ધો .૧૨ ની પરીક્ષા લેશે નહીં તેવું વિશ્વસનીય સૂત્રોનું કહેવું છે .

### CBSE ની જેમ ગુજરાત પણ બાળકોના આરોગ્યની ચિંતા કરી ફેરવિચારણા કરે

ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે, CBSE એ જેવી રીતે બાળકોના સ્વાથ્યની ચિંતા કરીને ધો .૧૨ ની પરીક્ષા રદ કરી છે, ત્યારે ગુજરાત સરકારે પણ ગુજરાતના બાળકોના સ્વાથ્યની ચિંતા કરીને બોર્ડની પરીક્ષા અંગે ફરી વિચારણા કરવી જોઈએ. કારણ કે બોર્ડની પરીક્ષામાં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ વાલીઓ પણ સીધી રીતે જોડાયેલા છે. કોરોનાની હાલની કપરી પરિસ્થિતીમાં બાળકો અને વાલીઓને સાંત્વના આપતો નિર્ણય સરકારે કરવો જોઈએ. આવા ધો. ૧૦ ના ૩.૮૦ લાખ રિપીટર્સને પાસ કરાશે રિપીટર્સ વિદ્યાર્થીએ પાસ કરવાની માગણી કરી છે. વિદ્યાર્થીઓને સરકાર પાસ કરવા માગે છે, પણ કયા ધોરણ કઈ રીતે લાગુ કરવા તે પ્રશ્ન સરકારને મૂંઝવે છે .

### નીટ - જેઇઇ લેવાશે જ

**ધો . ૧૨ ના વિદ્યાર્થીઓનું ઈન્ટરનલ પરીક્ષાના આધારે મૂલ્યાંકન થશે , ધો .૧૨ સાયન્સના વિદ્યાર્થી માટે મેડિકલ પ્રવેશની નીટ , ઈજનેરી પ્રવેશ માટેની જેઈઈ લેવાશે જ .**


www.jeevansparsh.com



- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL

INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH

E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774

Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,

सही सलाह हर बार...


### આભાર કેન્યા .....આભાર કેન્યા..... આભાર કેન્યા

**કેન્યા વ્દારા મોકલેલા ૧૨ ટન અનાજ પર કેટલાક લોકો મજાક ઉડાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેન્યાને "ભીખારી, ભિક્ષુક, ગરીબ" વગેરે કહેવામાં આવી રહ્યું છે.**

હવે એક ટૂંકી વાર્તા સાંભળો .....

તમે અમેરિકાનું નામ સાંભળ્યું જ હશે, મેનહટનનનું, વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું અને ઓસામા-બિન-લાદેનનું પણ.

જે મોટે ભાગે લોકોએ સાંભળ્યું ન હોય, તે ઈનોસાઈન ગામ છે.

જે કેન્યા અને તાંઝાનિયાની સરહદ પર આવે છે. પરંતુ અહીંની સ્થાનિક આદિજાતિ મસાઈ છે.

અમેરિકા ઉપર ૯/૧૧ ના હુમલાના સમાચાર મસાઈ લોકો સુધી પહોંચવામાં કેટલાય મહિના લાગી ગયા. આ સમાચાર તેની પાસે ત્યારે પહોંચ્યા કે જ્યારે તેની નજીકના શહેરમાં રહેનાર, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી (Stanford University)ની તબીબી વિદ્યાર્થીની કિમેલી નાઓમા વેકેશનમાં કેન્યા પરત આવી અને સ્થાનિક આદિજાતિ મસાઈને ૯/૧૧ની નજરે જોયેલી હકીકત સંભળાવી.

એક બિલ્ડિંગ એટલી ઊંચી હોઈ શકે છે કે ત્યાંથી પડ્યા પછી મૃત્યુ થઈ જાય, ઝૂંપડીમાં રહેવાવાળા મસાઈ લોકો માટે આ અવિશ્વસનીય હતી. પરંતુ તેમછતાં પણ, તે લોકોએ અમેરિકનોના દુઃખને અનુભવ્યું અને એ જ તબીબી વિદ્યાર્થીની દ્વારા કેન્યાની રાજધાની નૈરોબીમાં અમેરિકા દૂતાવાસ (યુએસ એમ્બેસી)ના ડેપ્યુટી ચીફ વિલિયમ બ્રાંગિકને એક પત્ર મોકલાવ્યો.

વિલિયમ બ્રાંગિક પહેલાં વિમાન મુસાફરી કરી, પછી ઘણા માઈલ સુધી ઉબડખાબડ રસ્તા ચાલીને મુશ્કેલીથી મસાઈ જનજાતિના ગામમાં પહોંચ્યા.

ગામ પહોંચતાં મસાઈ જનજાતિના લોકો ભેગા થયા અને એક હરોળમાં ૧૪ ગાયો લઈને અમેરિકા દૂતાવાસ (યુએસ એમ્બેસી)ના ડેપ્યુટી ચીફ પાસે પહોંચ્યા.

મસાઈઓના એક વૃદ્ધએ ગાય સાથે બાધેલું દોરડું ડેપ્યુટી ચીફના હાથમાં પકડાવીને એક પાટિયા તરફ ધ્યાન દોર્યું. તમે જાણો છો એ પાટીયામાં શું લખ્યું હતું?

- "આ દુઃખની ક્ષણમાં અમેરિકાના લોકોને મદદ કરવા માટે અમો આ ગાયો તેમને દાન આપી રહ્યા છીએ."

હા, તે પત્ર વાંચીને વિશ્વના સૌથી શક્તિશાળી અને સમૃદ્ધ દેશના રાજદૂત સેંકડો માઈલ ચાલીને ચૌદ (૧૪) ગાયોનું દાન લેવા આવ્યા હતા.

ગાયોની પરિવહન મુશ્કેલી અને કાનૂની અડચણોને કારણે ગાયો જઈ શકી નહીં, પરંતુ ગાયોને બજારમાં વહેંચીને એક મસાઈ ઘરેણું/આભુષણ ખરીદીને ૯/૧૧ મેમોરિયલ મ્યુઝિયમમાં રાખવાની રજુઆત/ઓફર કરવામાં આવી. જ્યારે આ વાત અમેરિકામાં સામાન્ય નાગરિકો સુધી પહોંચી તો તમે જાણો છો શું થયું?

તેણે ઘરેણાંને બદલે ગાય લેવાનો આગ્રહ રાખ્યો હતો.

ઑનલાઈન પિટિશન્સ પર હસ્તાક્ષર કર્યા કે તેમને ઘરેણાં નહીં પણ ગાય જોઈએ છે, અધિકારીઓને ઈમેઈલ લખવામાં આવ્યા, નેતાઓથી આ વિશે વાત કરી અને કરોડો અમેરિકનોએ મસાઈ જનજાતિ અને કેન્યાના લોકોને અભૂતપૂર્વ પ્રેમ માટે કૃતજ્ઞભાવથી ખૂબખૂબ આભાર સાથે ધન્યવાદ આપ્યા અને તેઓને અભિનંદન પાઠવ્યા.

કૃપા કરીને ૧૨ ટન અનાજ સ્વીકારો.

દાન નહીં, દાતાનું હૃદય જુઓ.

કાંકરા નહીં પણ કાંકરાને/રેતીને ઉપાડીને પુલ સુધી લઈ જનાર

ખિસકોલીની શ્રદ્ધા જુઓ.

.....આભાર કેન્યા.....

### ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

**તારીખ : ૩૧/૫/૨૦૨૧ સોમવાર**

**સ્વ. રસીલાબેન કમલેશભાઈ પોકાર**
ઉમર : ૪૪ વર્ષ,
કચ્છમાં ગામ : વાલ્કા (મોટા)
હાલે : નડિયાદ (ગુજરાત)

**સ્વ. મણીલાલ રવજીભાઈ રંગાણી**
ઉંમર : ૬૩ વર્ષ,
કચ્છમાં ગામ : આણંદસર(મંજલ)
હાલે : ભુજ

**સ્વ. ગંગાબેન મનુભાઈ નાકરાણી**
ઉમર : ૯૦ વર્ષ,
કચ્છમાં ગામ : મોટી વિરાણી
હાલે : બાવળીયા કંપા, બાયડ
મુત્યુ કારણ : ઉમર, અવસ્થા ના કારણે

**તારીખ : ૧/૬/૨૦૨૧ મંગળવાર**

**સ્વ. મનજીભાઈ કાનજીભાઈ માવાણી(ચૌધરી)**
ઉમર : ૭૫ વર્ષ,
કચ્છમાં ગામ : ઘડાણી
હાલે : શેગાવ (મહારાષ્ટ્ર)
મૃત્યુ નું કારણ : હાર્ટએટેક

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચારપ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ